# ગુણોત્તર વિશ્લેષણ [Ratio Analysis]

**[1] અર્થ-** નાણાંકીય પત્રકોની જુદી જુદી પરંતુ પરસ્પર સંબંધ ધરાવતી બે આંકડાકીય વિગતો વચ્ચેનું ચોક્કસ પ્રમાણ કે ટકાવારી પ્રમાણ શોધવું અને તેનું અર્થઘટન કરવું તેને ગુણોત્તર વિશ્લેષણ કહે છે.

સમાન ધંધો કરતી જુદી જુદી બે કપનીઓના નાણાંકીય પત્રકોની સરખામણી કરવા માટે તેમજ એકજ કંપનીના બે જુદા જુદા વર્ષોના નાણાંકીય પત્રકોની સરખામણી કરવા માટે ગુણોત્તર વિશ્લેષણ ઉપયોગી છે.

દા.ત, યુગ લિનું વેચાણ ₹.100000 અને ચોખ્ખો નફો ₹.25000 છે.જ્યારે આર્યા લિનું વેચાણ ₹.500000 અને ચોખ્ખો નફો ₹.100000 છે.

જો માત્ર આંકડાને આધારે જોઇશું તો આર્યા લિ વધુ સારી જણાય છે.પરંતુ નીચે મુજબ ચોખ્ખો નફો અને વેચાણનો ગુણોત્તર શોધી શું તો અભિપ્રાય બદલાશે.

$$\text{ચોખ્ખાનફાનોગુણોત્તર} = \frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} * 100$$

યુગ લિ $= \frac{25000}{100000} * 100$ =25%  આર્યા લિ $= \frac{100000}{500000} * 100$ =20%

આમ ગુણોત્તર પરથી કહી શકાય કે યુગ લિ વધુ નફાકારક છે.

PROF.DHARMENDRA A PATEL: N PATEL COMMERCE COLLEGE, VARODA

## [2] ગુણોત્તરના ફાયદા-

(1) ધંધાની નફાકારકતા જાણી શકાય છે. દા.ત,ચોખ્ખા નફાનો ગુણોત્તર, કાચા નફાનો ગુણોત્તર
(2) ધંધાની પ્રવાહીતા જાણી શકાય છે.દા.ત, ચાલુ ગુણોત્તર, પ્રવાહી ગુણોત્તર
(3) ધંધાની કાર્યક્ષમતા જાણી શકાય.દા.ત, સ્ટોક ગુણોત્તર,મિલકતોનો ચલનદર
(4) આંતરપેઢી તુલના કરી શકાય છે.
(5) વલણ દર્શાવતા ગુણોત્તરો જાણી શકાય છે.
(6) અંદાજપત્રીય અંકુશ માટે ઉપયોગી.
(7) નિર્ણય ઘડતર માટે ઉપયોગી.

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMERECE COLLEGE, NARODA

## [3] ગુણોત્તરની મર્યાદાઓ-

(1) એક જ વર્ષના ગુણોત્તરની ઉપયોગીતા મર્યાદિત
(2) અન્ય પરિબળોની અસર ધ્યાનમાં લેવી જરૂરી બને છે.
(3) એક જ ગુણોત્તર ગેરરસ્તે દોરે.
(4) ઐતિહાસિક આંકડાઓ પરથી ગણેલ ગુણોત્તરોની ઉપયોગીતા મર્યાદિત.
(5) ગુણોત્તર સિવાય અન્ય તપાસ જરૂરી.
(6) સરખામણી કરતાં આધાર ધ્યાનમાં લેવા જરૂરી.
(7) જુદા જુદા વર્ષોના ગુણોત્તરોની સરખામણીની ઉપયોગીતા મર્યાદિત
(8) સ્ટાન્ડર્ડ ગુણોત્તરોનો અભાવ
(9) અમુક ગુણોત્તરોને ચુસ્તપણે વળગી રહેવાનું વલણ નુકશાનકારક
(10) બે અસંબંધિત વિગતો પરથી શોધેલ ગુણોત્તર બિનઉપયોગી.

## [4]ગુણોત્તરના પ્રકારો અને સૂત્રો

| ગુણોત્તરનું નામ | સૂત્ર | ઉપયોગીતા |
|---|---|---|
| | (અ) વેચાણને લગતા ગુણોત્તરો | |
| 1.કાચા નફાનો ગુણોત્તર= | $\frac{\text{કાચો નફો}}{\text{વેચાણ}} \times 100$<br>*કાચો નફો=વેચાણ-વે.મા.પડતર<br>*વે.મા.પડતર=શ.સ્ટોક+ખરીદી-આ.સ્ટોક | -વેચાણ કિંમતની યોગ્યતા તથા નફાકારકતા જાણવા ઉપયોગી |
| 2.સંચાલન ગુણોત્તર= | $\frac{\text{વે.મા.પડતર + સંચાલન ખર્ચા}}{\text{વેચાણ}} \times 100$<br>*વે.મા.પડતર=વેચાણ-કાચો નફો<br>*સંચાલનખર્ચ=કાચોનફો – વ્યાજ અને કર પહેલાનો ચોખ્ખો નફો<br>*= ન-નુ ખાતાના વહીવટી તથા વેચાણ ખર્ચાનો સરવાળો. | -વેચાણની સાથે કુલ ખર્ચનું પ્રમાણ જાણવા માટે ઉપયોગી<br>-અંકુશ નિયમન માટે ઉપયોગી |

PROF.DHARMENDRA A PATEL : N P PATEL COMMERECE COLLEGE, NARODA

| | | |
|---|---|---|
| 3.ખર્ચ ગુણોત્તર = | = $\frac{\text{ચોક્કસ ખર્ચ}}{\text{વેચાણ}} \times 100$ | -વેચાણની સાથે ચોક્કસ ખર્ચનું પ્રમાણ જાણવા |
| 4.ચોખ્ખા નફાનો ગુણોત્તર= | $\frac{\text{ચોખ્ખો નફો}}{\text{વેચાણ}} \times 100$<br>*ચોખ્ખો નફો =વ્યાજ અને કર બાદનો નફો | -વેચાણની સાથે ચોખ્ખા નફાનું પ્રમાણ જાણવા. |
| (બ) રોકાણના સંદર્ભમાં ગુણોત્તરો | | |
| 5.રોકાયેલી મૂડી પર વળતર= | $\frac{\text{વ્યાજ /કર પહેલાનો ચોખ્ખો નફો}}{\text{રોકાયેલી મૂડી}} \times 100$<br>*રોકાયેલી મૂડી=<br>શેર મૂડી+અનામતો+લાંબાગાળાના દેવા-અવાસ્તવિક મિલકતો | -રોકાયેલા લાંબા ગાળાના ભંડોળ પર વળતરનો દર જાણી શકાય છે. |
| 6. શેર હોલ્ડરોના ભંડોળ પર વળતર= | $\frac{\text{વ્યાજ અને કર બાદનો ચોખ્ખો નફો}}{\text{શેર હોલ્ડરોનાં ભંડોળ}} \times 100$<br>• શેર હોલ્ડરોનાભંડોળ= શેર મૂડી + અનામતો – અવાસ્તવિક મિલકતો | શેર હોલ્ડરોના દ્રષ્ટિબિંદુથી વળતરનો દર જાણી શકાય છે. |

PROF.DHARMENDRA A PATEL N P PATEL COMMERECE COLLEGE, NARODA

| | | |
|---|---|---|
| 7.ઇક્વિટી ભંડોળ પર વળતર= | $\frac{\text{ચોખ્ખો નફો – પ્રેફ. શેર ડિવિડન્ડ}}{\text{ઇક્વિટી ભંડોળ}} \times 100$<br>*ઇક્વિટી ભંડોળ=<br>ઇ.શેર મૂડી+અનામતો-અ.વા.મિલકતો | ઇક્વિટી શેર હોલ્ડરોના ભંડોળ પર વળતરનો દર જાણી શકાય છે. |
| 8.ઇક્વિટી શેરમૂડી પર વળતર= | $\frac{\text{ચોખ્ખો નફો – પ્રેફ. શેર ડિવિડન્ડ}}{\text{ઇક્વિટી શેરમૂડી}} \times 100$ | ઇક્વિટી શેરમૂડી પર વળતર જાણવા માટે. |
| 9.શેરદીઠ કમાણીનો દર= (EPS) | $\frac{\text{ચોખ્ખો નફો – પ્રેફ. શેર ડિવિડન્ડ}}{\text{ઇક્વિટી શેરની સંખ્યા}}$ | એક ઇક્વિટી શેર દીઠ કમાણી જાણવા |
| 10. પી.ઇ ગુણોત્તર | $\frac{\text{શેરદીઠ બજાર કિંમત}}{\text{શેરદીઠ કમાણી(EPS)}}$ | શેરદીઠ કમાણી અને બજાર કિંમત વચ્ચેનું પ્રમાણ જાણી શકાય છે. |
| 11.ડિવિડંડ આવક ગુણોત્તર =<br>(Dividend yield ratio) | $\frac{\text{શેરદીઠ ડિવિડન્ડ}}{\text{વર્તમાન બજાર કિંમત}} \times 100$ | બજાર કિંમતની સાથે ડિવિડંડનો દર જાણવા માટે. |

PROF DHARMENDRA PATEL: N P PATEL COMMERECE COLLEGE NARODA

| (ક) પ્રવાહીતાના ગુણોત્તરો | | |
|---|---|---|
| 12.ચાલુ ગુણોત્તર= | ચાલુ મિલકતો / ચાલુ દેવાં<br>*ચા.મિલકતો = 1વર્ષના ગાળમાં રોકડમાં રૂપાંતર થાયતેવી મિલકતો<br>*ચા.દેવાં=1વર્ષમાં ચુકવવા પાત્ર દેવાં | -ધંધાની પ્રવાહી સ્થતિ(દેવાં ચુકવવાની ક્ષમતા) જાણવા<br>-આદર્શ (2:1) છે. |
| 13.પ્રવાહિ ગુણોત્તર= | પ્રવાહી મિલકતો / ચાલુ દેવાં<br>*પ્ર.મિલકતો = ચાલુ મિલકતો - સ્ટોક | -વધુ સારી પ્રવાહી સ્થિતી જાણવા.<br>-આદર્શ (1:1) છે. |
| 14.એસિડ કસોટી ગુણોત્તર= | અતિ ઝડપી મિલકતો / ચાલુ દેવાં<br>*અતિ ઝડપી મિલકતો=પ્ર.મિ – દેવાદારો | -અતિ તાત્કાલિક દેવા ચુકવવાની ક્ષમતા જાણવા |

PROF:DHARMENDRA A PATEL: N P PATEL COMMERECE COLLEGE, NARODA

## (ડ) મૂડી માળખાનાં ગુણોત્તરો

| | | |
|---|---|---|
| 15.માલિકી ગુણોત્તર= | $\frac{\text{માલિકીનાં ભંડોળ}}{\text{કુલ ભંડોળ(કુલ મિલકતો)}} \times 100$<br>કુલ ભંડોળ= કુલ મિલકતો - અ.વા.મિ<br>મા.ભં=શેર મૂડી+અનામતો-અ.વા.મિ. | કુલ રોકાયેલ ભંડોળમાં માલિકીની મૂડીનું પ્રમાણ જાણવા |
| 16.દેવા-ઇક્વિટી ગુણોત્તર= | $\frac{\text{લાંબા ગાળાનાં દેવા}}{\text{માલિકીના ભંડોળ}} \times 100$<br>*લાંબા ગાળાના દેવાં=<br>તારણ વાળી લોન+તારણ વગરની લોન | -માલિકીના ભંડોળ સાથે લાંબા ગાળના દેવાનું પ્રમાણ જાણવા |
| 17.ગિયરિંગ ગુણોત્તર= | $\frac{\text{પ્રેફ. શેર મૂડી + ડિબેંચર(લાંબા ગાળાના દેવા)}}{\text{ઇક્વિટી શેર મૂડી}}$ | -નિયત વ્યાજ અને ડિવિડન્ડના દર વાળી મૂડી સાથે ઇક્વિટી મૂડીનું પ્રમાણ જાણવા |
| 18.લાંબા ગાળાનાં ભંડોળ સાથે કાયમી મિલકતોનો ગુણોત્તર= | $\frac{\text{લાંબા ગાળાના ભંડોળ}}{\text{કાયમી મિલકતો}}$<br>*લાંબા ગાળાના ભંડોળ=<br>શેરમૂડી+અનામતો+લાંબા ગાળાના દેવા-અ.વા.મિ | કાયમિ મીલકતો લાંબાગાળાના ભંડોળમાંથી ખરીદી છે કે નહિ તે જાણવા માટે. |

PROF.DHARMENDRA A PATEL N P PATEL COMMERECE COLLEGE, NARODA

| | | |
|---|---|---|
| 19.વ્યાજ આવરણ ગુણોત્તર= | $\frac{\text{વ્યાજ અને કર પહેલાનો ચોખ્ખો નફો}}{\text{વ્યાજ}}$ | -વ્યાજ ચુકવવાની ક્ષમતા જાણવા |
| | (ઇ) ઉથલા કે ચલનદરના ગુણોત્તરો | |
| 20.સ્ટોક ચલનદર= | $\frac{\text{વેચેલા માલની પડતર}}{\text{સરેરાસ સ્ટોક}}$<br>•વે.મા.પડતર=વેચાણ – કાચોનફો<br>*સરેરાસ સ્ટોક=<br>$\frac{\text{શરૂનો સ્ટોક} + \text{આખરનો સ્ટોક}}{2}$ | -વર્ષ દરમિયાન સ્ટોકનું કેટલી વખત ટર્ન ઓવર કે વેચાણ થાય છે તે જાણી શકાય છે |
| 21.દેવાદાર ગુણોત્તર= | *** $\frac{\text{દેવાદારો} + \text{લેણી હૂંડી}}{\text{ઉધાર વેચાણ}} \times \text{વર્ષના દિવસો}$<br>દેવાદારોનો ચલનદર=<br>વર્ષના દિવસો/દેવાદારોનો ગુણોત્તર<br>અથવા $\frac{\text{ઉધાર વેચાણ}}{\text{સરેરાસ દેવાદારો}}$ | -ઉઘરાણી કેટલા દિવસોમાં વસૂલ આવે છે તે જાણવા |

PROF.DHARMENDRA A PATEL: N.P PATEL COMMERECE COLLEGE, NARODA

| | | |
|---|---|---|
| 22.લેણદાર ગુણોત્તર= | $\frac{\text{લેણદારો + દેવીહૂંડી}}{\text{ઉધાર ખરીદી}} \times \text{વર્ષના દિવસો}$<br>***<br>લેણદારોનો ચલનદર=<br>વર્ષના દિવસો/લેણદારોનો ગુણોત્તર<br>અથવા<br>$\frac{\text{ઉધાર ખરીદી}}{\text{સરેરાસ લેણદારો}}$ | -ઉધાર ખરીદીના નાણાં કેટલા દિવસે ચુકવાય છે તે જાણી શકાય |
| 23.કુલમિલકતોનો ચલનદર= | $\frac{\text{વેચાણ}}{\text{કુલ મિલકતો(કાયમી અને ચાલુ મિલકતો)}}$ | -કુલ મિલકતોની વેચાણ કરવાની ક્ષમતા જાણવા માટે |
| 24.દેવા ચુકવણી આવરણ ગુણોત્તર= | $\frac{\text{રોકડ નફો}}{\text{મુદલનો હપતો + વ્યાજ}}$<br>*રોકડ નફો= ચો.નફો+ઘસારો+બિન રોકડ હવાલા+વ્યાજ | -નિયમિત હપતા ચુકવવાની ક્ષમતા જાણવા માટે. |

PROF.DHARMENDRA A PATEL: N P PATEL COMMERECE COLLEGE, NARODA

| અન્ય વધારાના ગુણોત્તર | | |
|---|---|---|
| 25.ડિવિડન્ડ ચુકવણી ગુણોત્તર= (Dividend payout ratio) | $\frac{\text{ચુકવેલ કુલ ડિવિડન્ડ}}{\text{વ્યાજ અને કરબાદનો ચોખ્ખો નફો}} \times 100$ | -ચોખ્ખા નફામાંથી કેટલી રકમ ડિવિડન્ડ તરીકે ચુકવાય છે તે જાણવા. |
| 26.બજાર કિંમત – ચોપડે કિંમત ગુણોત્તર = (Market price to book value ratio) | $\frac{\text{શેરદીઠ બજાર કિંમત}}{\text{શેરદીઠ ચોપડે કિંમત}}$ <br> *શેરદીઠ ચોપડે કિંમત= ચોખ્ખી મિલકતો/ઇ.શેરની સંખ્યા | -બજાર કિંમત ચોપડે કિંમત વચ્ચેનું પ્રમાણ જાણવા. |
| 27.કાર્યશીલ મૂડીનો ચલન દર = (W.C turnover ratio) | $\frac{\text{વેચાણ}}{\text{કાર્યશીલમૂડી}}$ <br> કાર્યશીલમૂડી= ચા.મિ – ચા.દેવા | -કાર્યશીલમૂડીની વેચાણ કરવાની શક્તિ જાણવા. |

PROF. DHARMENDRA PATEL: P.P PATEL COMMERECE COLLEGE, VARODA